દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૩ ઑગસ્ટ, ૨૦૨૬

# 1883ની લોસ્ટ જનરેશનથી લઈને હાલની Gen Zએ દરેક પડકારોનો સામનો કર્યો છે

સમાજ સતત પરિવર્તનશીલ છે. સમયની સાથે માનવજીવનમાં રહેણીકરણી, શિક્ષણ, ટેક્નોલોજી, રોજગાર, સંસ્કૃતિ અને જીવનમૂલ્યોમાં મોટા ફેરફારો આવ્યા છે. જુદા જુદા સમયગાળામાં જન્મેલા લોકોના વિચારો, જીવનશૈલી અને કાર્યપદ્ધતિમાં નોંધપાત્ર તફાવત જોવા મળે છે. આ કારણે સમાજશાસ્ત્રીઓએ વિવિધ સમયગાળાને આધારે લોકોને અલગ અલગ 'જનરેશન' અથવા 'પેઢી'માં વર્ગીકૃત કર્યા છે. છેલ્લા લગભગ 125 વર્ષમાં મુખ્યત્વે સાત પેઢીઓ જોવા મળે છે. સૌથી પહેલી લોસ્ટ જનરેશન પેઢીના લોકોનો જન્મ 1883થી 1900 વચ્ચે થયો હતો. તેમણે પ્રથમ વિશ્વયુદ્ધનો સમય જોયો હતો. યુદ્ધ, ગરીબી અને અસ્થિરતાને કારણે આ પેઢીના લોકો ખૂબ જ સંઘર્ષમય જીવન જીવ્યા હતા. તેઓ મહેનત, શિસ્ત અને દેશપ્રેમ માટે જાણીતા હતા. તેમના જીવનમાં આધુનિક સુવિધાઓનો અભાવ હતો, છતાં તેઓ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ અડગ રહ્યા હતા. ત્યારબાદ 1901 થી 1927 વચ્ચે જન્મેલાને ગ્રેટેસ્ટ જનરેશન કહેવામાં આવે છે. આ પેઢીને 'મહાન પેઢી' પણ કહેવામાં આવે છે. તેમણે વિશ્વયુદ્ધ, આર્થિક મંદી અને અનેક સામાજિક પડકારોનો સામનો કર્યો હતો. આ પેઢીના લોકોએ દેશના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. મહેનત, જવાબદારી અને રાષ્ટ્રપ્રેમ તેમના મુખ્ય ગુણો હતા. 1928 થી 1945 દરમિયાન જન્મેલાની પેઢીને સાઇલન્ટ જનરેશન તરીકે ઓળખવામાં આવતી હતી. આ પેઢીના લોકો બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અથવા તેના આસપાસ જન્મ્યા હતા. તેઓ શિસ્તબદ્ધ, આજ્ઞાકારી અને પરંપરાગત મૂલ્યોમાં માનનારા હતા. તેઓ સ્થિર નોકરી, પરિવાર અને સામાજિક જવાબદારીને ખૂબ મહત્વ આપતા હતા. આ પેઢી ટેક્નોલોજી કરતાં મહેનત અને અનુભવને વધુ મૂલ્ય આપતી હતી. 1946 થી 1964 સુધીની જનરેશનને બેબી બૂમર્સ જનરેશન નામ આપવામાં આવ્યું હતું. બીજા વિશ્વયુદ્ધ પછી જન્મદર વધતાં આ પેઢીને 'બેબી બૂમર્સ' નામ આપવામાં આવ્યું. આ સમયગાળામાં શિક્ષણ, ઉદ્યોગો અને અર્થતંત્રનો ઝડપી વિકાસ થયો. આ પેઢીના લોકોએ દેશના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. તેઓ નોકરીમાં સ્થિરતા, બચત અને પરિવારને સર્વોચ્ચ સ્થાન આપતા હતા. 1965 થી 1980 વચ્ચે જન્મેલી જનરેશન X એ પરંપરાગત અને આધુનિક યુગ વચ્ચેનો સેતુ માનવામાં આવે છે. આ પેઢીએ ડિજિટલ યુગ તરફના પરિવર્તનમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. 1981 થી 1996 દરમિયાન જન્મેલાને મિલેનિયલ્સ અથવા જનરેશન Y તરીકે ઓળખવામાં આવે છે.

મિલેનિયલ્સ એ ઇન્ટરનેટ અને માહિતી ક્રાંતિના યુગમાં ઉછરેલી પેઢી છે. તેઓ ટેક્નોલોજીનો અસરકારક ઉપયોગ કરે છે. ઉચ્ચ શિક્ષણ, કારકિર્દી, વૈશ્વિક વિચારસરણી અને નવીનતામાં તેમનો વિશેષ રસ હોય છે. તેઓ કાર્ય અને વ્યક્તિગત જીવન વચ્ચે સંતુલન જાળવવા પ્રયત્ન કરે છે. સ્ટાર્ટઅપ, ડિજિટલ વ્યવસાય અને સોશિયલ મીડિયાના વિકાસમાં આ પેઢીનું મહત્વનું યોગદાન છે. હાલમાં દુનિયામાં અને ભારતમાં જેની સૌથી વધુ ચર્ચા ચાલે છે તે છે જનરેશન 1997 થી 2012 વચ્ચે જન્મેલી આ જનરેશનને નેપાળના આંદોલન પછી લોકો વધુ ઓળખતા થઇ ગયા હતાં. આ સમયગાળા દરમિયાન જન્મેલાને ડિજિટલ નેટિવ્સ તરીકે ઓળખવામાં આવે છે. તેઓ જન્મથી જ સ્માર્ટફોન, ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયા સાથે પરિચિત છે. તેઓ ઝડપથી નવી ટેક્નોલોજી અપનાવે છે અને માહિતી મેળવવામાં ખૂબ કુશળ હોય છે. ઓનલાઇન શિક્ષણ, કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), ઇ-કોમર્સ અને ડિજિટલ મનોરંજન તેમના જીવનનો અભિન્ન ભાગ બની ગયા છે. જોકે સોશિયલ મીડિયાના વધુ ઉપયોગથી માનસિક સ્વાસ્થ્ય અને એકાગ્રતા જેવી સમસ્યાઓ પણ જોવા મળે છે.

2013 પછીની આલ્ફા જનરેશન. આ જનરેશન અલ્ફા આજની સૌથી નવી પેઢી છે. આ પેઢી સંપૂર્ણપણે ડિજિટલ વાતાવરણમાં ઉછરી રહી છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, રોબોટિક્સ, વર્ચ્યુઅલ રિયાલિટી અને સ્માર્ટ ઉપકરણો તેમના રોજિંદા જીવનનો ભાગ છે. શિક્ષણમાં પણ ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. ભવિષ્યમાં આ પેઢી વિશ્વને નવી દિશા આપશે તેવી અપેક્ષા છે.

## કથા કથન

***વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી આપણા ઉત્તમ વિવેચક. ડો. શિરીષ પંચાલ, ગુજરાતી સાહિત્ય વિવેચન શ્રેણીરૂપ હેઠળ તેમને કેન્દ્રમાં રાખી. સંપાદન કર્યું તેમાંથી આ કંડિકા.***

નૃત્ય એ ભારતીય નાટકનું એક સમયે અવિનાભાવિ અંગ હતું, છતાં આજે એનો અવિનાભાવ કોઈ સ્વીકારતું નથી.

**પૃષ્ઠ-૨**

સ્વરોના નિશ્ચિત સ્વરૂપભાનથી સંગીતકલા જન્મી છે, અર્થના નિશ્ચિત ભાનમાંથી કાવ્યકલા જન્મી છે.

**પૃષ્ઠ-૨**

મન કોઈ પણ વૃતિમાં તદાકાર થઈ શકે છે, કોઈ પણ લાગણીમાં - હર્ષ, શોક, ભય, ચીઢ આદિમાં - તલ્લીન થઈ શકે છે અને એ તલ્લીનતા તે એને પ્રતિકૂળ વેદના નથી.

**પૃષ્ઠ - ૩**

જીવનમાં જે જુગુપ્સાજનક છે તે સાહિત્યમાં કંઈ રમણીય બની નથી જવાનું એ મારી શ્રદ્ધા છે.

**પૃષ્ઠ-૫**

જ્યાં સુધી માનવજાત એકરૂપ ન થાય, તેની ભાષા અને જીવનપદ્ધતિ એક ન થાય, ત્યાં સુધી વાણીની આ સૌંદર્યમૂડી દેશદેશની જુદી જ હોવાની.

**પૃષ્ઠ-૫**

સૌંદર્યના વારંવાર અનુભવથી સંવિત્ સૌંદર્યમય બને છે: વ્યવસ્થા, સંવાદ, લાવણ્ય, પ્રેમ, ત્યાગ તરફ તેની દ્રષ્ટિ સહજ વળતી થાય છે.

**પૃષ્ઠ-૯**

ભાષા જેવું પરસ્પર વ્યવહારનું સંસ્કૃતિએ કેળવેલા સાધન જેવું મનુષ્ય પાસે બીજું કોઈ સાધન નથી.

**પૃષ્ઠ-૧૦**

કળા તો જાગ્રત મનની કૃતિ છે અને એ મન ઉપર વિશિષ્ટ અસર કરે છે.

**પૃષ્ઠ-૧૧**

હૃદયનું માધુર્ય, અને બુદ્ધિનો પ્રકાશ- એ સિવાય બીજો ઈલાજ નથી.

**પૃષ્ઠ-૧૭**

આજે સૌથી મોંઘામૂલો માનવ હોય દેવના અવતાર જેવો, તો તે રાજપુરુષ છે! પછી આવે અર્થશાસ્ત્રી, પછી વહેપારદક્ષ, પછી યંત્રનિષ્ણાતને વિજ્ઞાની

**પૃષ્ઠ-૧૫**

આ રાત્રિ ખેડતા અસંખ્ય તારાઓ મને નોતરે છે ને તેમની સાથે અંધારી કેડીઓમાં હું ટમકું છું. હું સાહસ પલાલું છું, છતાં હું શોધું છું ચન્દ્ર ને સૂર્ય.

**પૃષ્ઠ-૧૬**

નવા વિચારોને કે નવી પરિસ્થિતિને બળે વાસનાનું સંસ્કારસિદ્ધ સ્વરૂપ એક જ પ્રજામાં કાળ ક્રમે કરીને જુદું થાય.

**પૃષ્ઠ-૩૧**

સાહિત્યમાંની અશ્લીલતાનો પ્રશ્ન સાહિત્ય કરતાં સામાજિક અને વૈયક્તિક નીતિનો પ્રશ્ન વિશેષ છે.

**પૃષ્ઠ-૪૨**

## હું પૂછું, તમે કહો

**(૧) માનવ સ્વભાવનાં દંભ અને ખોટા અહંકારને ઉજાગર કરતું 'મિથ્યાભિમાન' નાટક કોણે લખ્યું છે?**

(ક) રમણભાઈ નીલકંઠ
(ખ) જ્યોતીન્દ્ર દવે
(ગ) દલપતરામ
(ઘ) રઘુવીર ચૌધરી

**(૨) ભારત-પાકિસ્તાનનાં ભાગલા વખતે સ્ત્રીઓના પુનર્વસનનું કામ કરનાર અને 'મૂળ સોતાં ઉખાડેલાં' જેવી અનુભવકથા લખનાર લેખિકા?**

(ક) કસ્તૂરબા
(ખ) મૃદુલા સારાભાઈ
(ગ) ઉષાબેન મહેતા
(ઘ) કમળાબેન પટેલ

**(૩) 'માણસ ઉર્ફે રેતી ઉર્ફે દરિયો', 'મુકામ પોસ્ટ માણસ', 'આંગળી વાઢીને મોકલું', 'અનુષ્ઠાન' અને 'સમંદરબાજ' જેવા કાવ્યગ્રંથોના કવિ નયન હ. દેસાઈનો જન્મ ક્યાં થયો હતો?**

(ક) વાલોડ
(ખ) કઠોર
(ગ) કઠોદરા
(ઘ) સુરત

**(૪) આપણા એ મધ્યકાલીન ભક્ત-કવિ જેમણે ઓગણીસમી સદીના આરંભિક દાયકામાં ત્રણવાર ભારતયાત્રા અને સાત વાર શ્રીનાથજીની યાત્રા કરેલી, જેમણે 'વૈષ્ણવ નથી થયો તું રે, હરિજન નથી થયો તું રે, શીદ ને ગુમાનમાં ઘૂમે છે..' જેવી અનેક કવિતાઓ લખેલી. કહો કોણ?**

(ક) દયારામ
(ખ) પ્રેમાનંદ
(ગ) નરસિંહ મહેતા
(ઘ) શામળ

**(૫) રતિલાલ પુનાતરની 'મંગળફેરા'માં વ્યાજખાઉ શેઠનું પાત્ર ભજવનારા અભિનેતા જેમની 'મન મોતી ને કાચ', 'મનમેલાં, તન ઉજળાં', 'યાદોનાં ભીના રણ' સહિત અનેક નવલકથા લોકપ્રિય રહેલી, જેમણે હિન્દી ફિલ્મો વિશે પણ 'સપનાનાં સોદાગર' જેવાં પુસ્તક લખ્યાં છે એ લેખક?**

(ક) વિઠ્ઠલ પંડ્યા
(ખ) શિવકુમાર જોશી
(ગ) કનુ ભગદેવ
(ઘ) સરોજ પાઠક

**જવાબો**


(૧) - ગ, (૨) - ઘ, (૩) - ગ, (૪) - ક, (૫) - ક

# મનમાં ઝંઝાવાત સર્જે એવા રજનીકુમાર પંડ્યાના આત્મકથાત્મક સંસ્મરણો...

આત્મકથા લખવાનું એકા કારણ પોતે જે કાંઈ જીવી ગયાફ અનેક પ્રકારનાં સંજોગો વચ્ચે જીવાયું તેને ફરી પામવા-ઓળખાવા માટે અને એમ કરવા દરમિયાન આત્મગૌરવ અનુભવવા માટે હોય છે. જો એવુ નથી તો લખવાનું એક મહત્ત્વનુ કારણ ઓછુ થઈ જાય છે. રજનીકુમાર પંડ્યા આપણા લોકપ્રિય નવલકથાકાર, વાર્તાકાર, ફિલ્મસંગીતના રસિક આલેખક અને માર્મિક વ્યક્તિચિત્રોના અત્યંત કુશળ લેખક એમના બીજા કામ પણ ઘણા. હમણા તેમના આત્મકથાત્મક સંસ્મરણો 'ઝંઝાવાત' ગ્રંથ રૂપે પ્રગટ થયાં છે. 14 માર્ચ 2025મા તેઓ મૃત્યુ પાહ્યા અને આ સંસ્મરણો પૂરા કર્યાની તારીખ છે 27 ફેબ્રુઆરી 2025. ઉંમરના 86ને વર્ષે સંસ્મરણ આલેખવા પૂરા કર્યા છે પણ ઝંઝાવાતમાં અંકિત સમય તો 1857થી 1981નો છે. ત્યાર પછીના 45 વર્ષનુ જીવન બાકી રહ્યુ છે. નવાઈ એ વાતની છે કે 1981 સુધીમાં તો 'ખલેલ' નામના વાર્તાસંગ્રહ સિવાય તેમનું એક પણ પુસ્તક પ્રગટ નથી થયુ. રજની કુમાર પંડ્યા નામને ગૌરવ પ્રાપ્ત થવાના વર્ષો તો ત્યાર પછી આવ્યા જેમાં ઝબકાર શ્રેણીનાં છ ગ્રંથો ઉપરાંત જીવનચિત્રોના છ સંગ્રહ સાત નવલકથા, છ વાર્તાસંગ્રહ ઉપરાંત હાસ્યના ત્રણ ગ્રંથો, સામાજીક ચિંતન-નિબંધોના ત્રણ પુસ્તક, ફિલ્મ વિષયક બે ગ્રંથો સહિત કુલ 53 પુસ્તકો એમના નામે પ્રગટ થયા છે. રજનીકુમાર પંડ્યામા આત્મરતિનો ભાવ પણ સહેએ જોયો છે. ઝંઝાવાત વાંચો તો થાય કે તેમણે તો પોતાના ગૌરવ સમયનો જેમા તેમના રસના વિવિધ ક્ષેત્રો સર્જનાત્મક સ્વરૂપે અને ચરિત્ર આલેખન નિમિત્તે આગવા નિરીક્ષણો સાથેના અધ્યયન સાથે પ્રગટ્યા તેનો તેમણે જ આ આત્મકથાત્મક સંસ્મરણોના છેદ ઉરાડ્યો? જે વર્ષો વિશે લખવાનું તે વર્ષો જ બાદ કર્યા. આ તે કેવી આત્મ-વૃત્તિ? રજનીકુમાર પંડ્યાના ચાહકોનુ વર્તુળ બહુ મોટુ રહ્યુ છે અને એ ચાહના પેલા 45 વર્ષના લેખન અને જીવન વડે પ્રાપ્ત થઈ છે એટલે એ ચાહકોની અપેક્ષાને તો તેમણે રઝળાવી જ મુકીને. રજનીકુમાર પંડ્યાએ તેમના લગભગ દરેક પુસ્તકોની પ્રસ્તાવનામા ગ્રંથની ભૂમિકામા એ પુસ્તકો રચાવાના સંદર્ભો અને તે નિમિત્તનુ તે સમયનુ અંગત નોંધ્યા છે. રજનીકુમાર આપણા સૌના ગ્રંથમા અનેક સ્વજનો વડે તેમનુ સાહિત્યિક વ્યક્તિત્વ અંકાયુ છે તે ખરું પણ આત્મકથાત્મક સંસ્મરણોમાં માત્ર તેઓ જ લખી હકે તેવુ એ 45 વર્ષનુ જીવન બાકી રહી ગયુ.

પણ તેથી આ ઝંઝાવાતને જરા પણ ઓછુ મુલવી શકાય તેમ પણ નથી. 1981 સુધીમાં તો તેઓ હજુ ગૌરવપ્રાપ્ત સુપ્રસિધ્ધ સાહિત્યકાર જીવનચરિત્રના આલેખક થયા નથી. પોતાનુ જીવન શોધી રહેલા મધ્યમવર્ગીય આમ જન છે. આરંભનુ જ વાક્ય છે કે અત્યારે જિંદગીના આ 81મા વર્ષને ઉંબરે એક એવી વાત લખવાનો આરંભ કરુ છુ કે જેને મારા લેખક હોવા સાથે કોઈ સંબંધ નથી. થોડા એવા અંતરંગ મિત્રોની યાદનુ પુર દિમાગમા ફરી વળે છે કે જે હવે આ દુનિયામા નથી પણ 55-60 વર્ષ પહેલાના દિવસોમાં એ બધા મારા અસ્તિત્વનો એક હિસ્સો બની રહ્યા હતા. વાંચકને તેઓ જે મિત્રોનો અને જીવનનાં ઝંઝાવાતો પરિચય કરાવે છે જેના માટે ઠેઠ હૃદય-મનમા ઊંડાણોમાં અઠડાય છે. ઘા ખાય છે. પોતાને અને મિત્રોને બચાવવા ઝઝૂમે છે, ઘણા અપમાનો પણ વેઠે છે અને પોતે તો આ બધામા જાણે કશુ છે જ નહી. એવા ભાવના ગટકા પણ અનુભવે છે. રજનીકુમાર પંડ્યા પોતાની પંડ્યો તરીકેની ઓળખ પણ અહીં બરાબર તે સમયના ભાવ સાથે આલેખે છે. થાય કે આ પ્રકારની તટસ્થતા એ સમય પ્રવેશની ક્ષમતા હોય શકે ખરી? જે લખી રહ્યા છે જે સમયે લખી રહ્યા છે તે તો સુપ્રસિધ્ધ રજનીકુમાર પૂડ્યા છે તે એવા સમયને શુ કામ આલેખે.

આ સંસ્મરણમા 3 મુખ્ય સંઘર્ષ કથા છે એક તો ફક્ત ચાર દિવસનો






**અક્ષરની આરાધના**

**સંપાદનઃ બકુલ ટેલર**

અને તે પણ સહશયન વિનાનો લગ્નસંબંધ જેનાથી છૂટતાં 10 વર્ષ લાગ્યા. જેમણે તેમના જીવનમાં જે લખી રહ્યા છે જે સમયે લખી રહ્યા છે તે તો સુપ્રસિધ્ધ રજનીકુમાર પંડ્યા છે, તે એવા સમયને શુ કામ આલેખે.

આ સંસ્મરણમા 3 મુખ્ય સંઘર્ષકથા છે એક તો ફક્ત ચાર દિવસનો અને તે પણ સહશયન વિનાનો લગ્નસંબંધ જેનાથી છૈટતાં 10 વર્ષ લાગ્યા. જેમણે તેમના જીવનમાં ઊંડા ઉઝરડા પાડ્યા અને અદાલતી ફેરામા ઘણીવાર સાવ તળિયા સુધી પહોંચવાના ભયમા રહ્યા. બીજો સંઘર્ષ તે કો-ઓપરેટિવ બેંકની નોકરીમાથી સસ્પેન્ડ થવાનો અને તેનાથી બા-ઈજ્જત મૂક્ત થવાનો અને ત્રીજો તે વીનેશ પટેલ સાથેની એ મૈત્રીનો જેમાં એ વીનેશભાઈ પોતાનાથી બે વર્ષ મોટા રજનીકુમાર માટે આદર ધરાવે છે તે તો ખરું પણ મિત્ર માટે બધા સંજોગોમાં ઊભા રહેવા તૈયાર છે ને છતાં તેમનુ સ્વયંનુ જીવન ધનવાન કુટુંબના હોવા છતા સતત ઊંડી હતાશામા અપમાન બોધમાં ગરકી રહ્યુ છે. તેલમીલ માલિકનો દીકરો છે. પિતાના વ્યવસાય ઉદ્યોગને મેનેજ કરવાના કૌશલ્ય ધરાવે છે અને પિતા તેને નકાનો માનીને છેવટ સુધી ઉપેક્ષા કરે છે. આ કધા ભાવને ઝીલવાનુ રજનીકુમાર પંડ્યા સહજ મૈત્રીભાવે કરે છે. આમ કરવામા મિત્રના પિતાના મનમા કાયમ અપમાનિત રહે છે. આ બધાનુ આલેખન જે રીતે થયુ છે તે આ સંસ્મરણોને ઝંઝાવાતી બનાવે છે. બીજા મિત્ર વસંત દેસાઈ અને નટુભાઈ અંબાણી ય છે અને પાત્રો તો બીજા પણ છે જે તેમના જીવનને હડફટે ચડાવે છે ને અમુક છે જે ઉગારે પણ છે.

પણ અહીં પ્રસિધ્ધ સાહિત્યકાર રજનીકુમાર પંડ્યાએ જે સમય અને સમયકાળના મિત્રો સંઘર્ષો વિશે લખવાનુ પસંદ કર્યુ અને ત્યાંથી આગળ કશું જ એવું જ કર્યું તે માટે એમને કયા ભાવે માનવા તે સમજાતુ નથી. જે મિત્રો છે તેમા રતિલાલ બોરીસાગર, કવિ રમેશ પારેખ, નથવાણી જેવા ઘણા છે અને લાલચ તો એવી જ હોય કે તે બધા પ્રાપ્ત સાહિત્યકાર તરીકેનો સમય આલેખી શકાય. રમેશ પારેખ તો પ્રથમ લગ્નના છુટાછેડા મહત્ત્વના પ્રસંગપાત્રા છે. રતિલાલ બોરીસાગર તો જીવનના બીજા પ્રસંગોમા પણ હાજર છે અને તોય કેન્દ્રમા તો પેલા ત્રણ સંઘર્ષ જ રહે છે. આલેખનમાં ક્યાંય ફીલસૂફીભર્યા સૂત્રો નથી. વાંચકને આંજી દેવા માટેની કાવ્યાત્મકતા નથી. આખાય ગ્રંથની ભાષાનુ ગદ્ય તપાસો તો થાય કે હજુ જીવનમા ઘડાતા લેખક જ લખે છે પણ અહો નાની નાની વિગતોનુ આલેખન જોતાન નવાઈ પામી થવાય કે આટલી અને આવી સ્મૃતિ એમને હતી. એકાદ અછડતા પ્રસંગમા કોઈ વ્યક્તિ આવી જાય તો તેની ય કુંડળી તેમની પાસે હોય. કોઈ સ્થળ, ઘર કે કાર્યાલયનુ વર્ણન એવી વિગત સાથે હોય કે આપણને થાય કે આ બધુ કેવી રીતે નોંધાયુ હશે ને 50 વર્ષે પણ ટકી રહ્યુ હશે. ઝબકાર શ્રેણીમાં

કેમ સફળ રહ્યા કે કોઈના જીવન આધારીત નવલકથાને તેઓ વ્યક્તિ ને જીવનચિત્રની આગળ કઈ રીતે સમયકૃતિ તરીકે સિધ્ધ કરી શક્યા. તેના મૂળ આ આત્મકથાત્મક સંસ્મરણના આલેખનમા મળશે. મિત્ર વીનેશની વિદાય સાથે તેઓ વિદાય લેવુ પસંદ કરે છે ત્યારે અંતિમ વાક્ય છે આજે 2025ના ફેબ્રુઆરીની 27મી તારીખ. આટલે તો આવી ગયો છુ પણ પછી હુંય ક્યાં સુધી. કોને ખબર. આ અંતિમ કથન આપણને શારી નાંખે છે અને કહેવાનુ એમ થાય કે બસ આ વાક્ય પૂરતાં જ તેઓ વર્તમાનમા પ્રવેશ્યા જણાશે બાકી તો 1981 સુધીનો જ સમય છે. આમ કેવી રીતે તમે કરી શક્યા તો રજનીકુમાર પંડ્યા. ઉત્તર વર્ષોનો શૂન્ય સમય ઘૂઘવે છે ને તેમા તો અમાસ-પૂનમના અનેક સમુદ્રો છે. સંસ્મરણોનો ઝંઝાવાત જ્યાં શમી ગયો તે પછીના ઝંઝાવાત મનમા તોફાન મચાવે છે. આ ઈમોશન્સને બાજુ પર મૂકી કહી શકાય કે ઉમરના આઠમા ાયકે આ પ્રકારના આત્મકથાત્મક સંસ્મરણો લખવાથી સુધબુધ મુશ્કેલ છે. આત્મરતિતો છેદ ઉડાડી આ સ્વસ્થતા સાથે એ સમયને આલેખવો મુશ્કેલ છે. બહુ બધી લાલચો છોડી તેઓ વીનેશ પટેલના મૈત્રીસમયમા જીવ્યા તે વીનેશભાઈને પણ ફરી જાગતા કરે એવુ છે. રજનીકુમાર પંડ્યા સ્તબ્ધ કરી દે તેવા સ્મરણીય બને તેવા સંસ્મરણો આપીને વિદાય થયા છે. ફરિયાદો તો ઘણી રહેશે પણ 57થી 91 સુધીના સમયને તેવા ઝંઝાવાતની જેમ જીવ્યા છે. તે વાંચી ઓહ તો થશે.

આ સંસ્મરણો ઉર્વીશ કોઠારીના સંગ્રહ હઠાગ્રહથી સાર્થક જલસો નિમિત્તે લખાયા. પુસ્તકમા રજનીકુમાર પંડ્યાની ભુમિકા વાંચજો. એણે જાણે નોતરેલા આત્મવિસર્જનની પ્રક્રિયા મારી નજર સામે પૂરા 21 વર્ષ ચાલી. વીનેશ પટેલ વિશે અને ઉર્વીશ કઠારોનુ એમ કહેવુ છે કે તેમની સ્મૃતિ અસાધારણ રીતે સારી સાચવણ પણ એવી જ અને 80 વટાવ્યા છતાં લેખનની ગુણવત્તાએ સાથ છોડ્યો ન હતો. આ ગ્રંથના દરેક શબ્દે ઝળકશે તે વાગશે ય ખરું!

**પુસ્તકઃ ઝંઝાવાત - આત્મકથાત્મક સંસ્મરણો લેખકઃરજનીકુમાર પંડ્યા, પ્રકાશકઃ સાર્થક પ્રકાશન, 14 ભગીરથ સોસાયટી, શાંતિ ટાવર સામે વાસણા બસ સ્ટેન્ડ પાછળ, વાસણા, અમદાવાદ- 380007 પૃષ્ઠઃ 360 કિંમત : રૂા. 540**

## બાળકજીને ગમે એવી સ-ચિત્ર વાર્તાજી




બાળકો માટે બાળકો કવિતા લખતા નથી. મોટેરાઓને જ એવી જરૂર પડે છે. બાળકોને કઈ રીતે રમતા રાખી શકાય તે તો હંમેશા દરેક મોટાએ ઉકેલવો પડતો કોયડો છે ને આ કોયડો આનંદપૂર્વક આનંદ કરાવતાં જ ઉકેલી શકાય. બાળકોએ હજુ જગત જોયું નથી. જગતમાં માણસ છે, ઝાડ છે, જંગલ છે, પશુ-પંખી છે, રણ છે, દરિયો છે, પવન છે, પહાડ છે, નદી છે એવું કશું જ ખબર નથી. તેઓ સહુ પ્રથમ સ્પર્શ અને દ્રષ્ટિથી ઓળખવું શરૂ કરે, કાનથી અવાજ પકડવા મથે. અને આ બધું જ તેમના માટે તો નહીં કલ્પનાનું જ જગત છે. બાળકો આપણા બોલવાનાં ધ્વનિ પકડે, લય પકડે, છેદ પકડે, પ્રાસ પકડે. તેને ધ્વનિ શું, લય શું, છંદ શું, પ્રાસ શું તેની સમજાવી શકાય તેવી સમજ નથી પણ અંદરથી તે બધું આ અનુભૂતિનાં સ્તરે પામે છે.

કવિતા તો બેસુમાર લખાય છે. ન લખાવી જોઈએ એટલા પ્રમાણમાં લખાય છે પણ તેમાં બાળકો માટેની કવિતા શોધવા જશો તો ખોવાય જશો. બાળકવિતાએ મુશ્કેલ પ્રકાર છે. બાળ મનોવિજ્ઞાન જાણનારા પણ તે ન લખી શકે એટલે જ આજે પણ 'નાની મારી આંખ એ જોતી કાંક કાંક/ એ તો કેવી અર્જન જેવી વાત છે' કે ' એક બિલાડી જાડી તેણે પહેરી સાડી ', ' એન ઘેન દીવા ધેન... ', ' સાયકલ મારી સરરર જાય ' જેવી નવી કવિતાઓ આપણને મળતી નથી વાર્તા તો તેનાથી પણ ઓછી વાંચવા- સાંભળવા મળે છે. પ્રિયંકા ( તેઓ તેમને 'પ્રિયાંકા દવે ' તરીકે ઓળખાવે છે. ) દવેએ લખેલી હાથીજીની પાછળ કોણ જી ? ' વાર્તાનો પ્રિયા નારાયણને કરેલો ભાવાનુવાદ બ્રિંદા પંચોલીનાં ચિત્રો સાથે પ્રગટ થયો છે. વાર્તા બહુ ટ્રેકી અને બાળકોને કહેવાય એ રીતે લખાયેલી છે? બસ, એક એક પંક્તિના પ્રશ્ન છે. શરૂઆત આ રીતે થાય છે, ' હાથી રે હાથીજી / હાથીજીની ' પાછળ કોણ કોણ જી? / પતંગિયાની સાથે ઊડો અને જાણો!...' ને પછી દરેક પૃષ્ઠ પર પ્રશ્ન, 'હાથીજીની પાછળ કોણ જી?'... (૧) 'સિંહજી રે સિંહજી!' ... 'સિંહજીની પાછળ કોણ જી?' બસ, નાના નાના પ્રશ્નો વાર્તા દરેક બે પૃષ્ઠ આગળ વધતી જાય – (૩) 'મોરજી રે મોરજી' - 'મોરજીની પાછળ કોણ જી?' (૪) 'મગરજી રે મગરજી!...' મગરજીની પાછળ કોણ જી?' (૫) 'વાંદરાજી રે વાંદરાજી!' - 'વાંદરાજીની પાછળ કોણ જી?' ને એમ આગળ વધતા રહે પ્રશ્નો કરાતા જાય અને રહસ્ય ઘૂંટાતું જાય ને પૃષ્ઠ ફેરવો તો ઉત્તર મળે કે બધાં જ એકમેકને પાછળ ગોળ ગોળ ફરે છે. 'અમે બધાં કુંડાળામાં ઊભા જી અને ગોળ-ગોળ ફરવા તૈયાર જી!'

આખી પરિકલ્પના સરસ છે ને દરેક પૃષ્ઠ કલ્પનાસભર રંગીન ચિત્રોથી બાળકોને મુગ્ધ કરે છે. આખી વાર્તા ગાતા ગાતા કહેવાની છે ને પેલા ચિત્રો બતાવતા જતાં કહેવાની છે. આમ ગુજરાતી છે પણ સાથે રાઈમની રીતે અંગ્રેજી અનુવાદ પણ સાથે ચાલે છે. મતલબ બંને ભાષા એક સાથે છે. વાર્તા બુક્સ આ પ્રકારે બાળકો માટેની વાર્તા પ્રગટ કરવા માટે ઉત્સાહી એવી એક પ્રકાશનસંસ્થા છે. આ કાવ્યમાં કહેવાની રીતે લખાયેલી 'હાથીજીની પાછળ કોણ જી?' ગમે એવું પુસ્તક છે. ક્યાંક લય ખોડંગાય છે. બે અક્ષરનો શબ્દ જોઈએ ત્યાં ત્રણ કે ચાર અક્ષરનો શબ્દ હોય ને સ્વર ખોડંગાય એવું બને છે. પણ બાળકોને ગમે એવું પ્રકાશન છે.

**પુસ્તકઃ હાથીજીની પાછળ કોણ જી? (બાળકો માટેની વાર્તા) લેખિકાઃ પ્રિયાંકા દવે, ભાવાનુવાદઃ પ્રિયા નારાયણન ચિત્રોઃ બ્રિંદા પંચોલી પ્રકાશકઃ વાર્તા બુક્સ કિંમતઃ રૂ. ૧૫૦/-**

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### ગુજરાત રાજ્યનું શૈક્ષણિક સ્તર ઘટ્યું

આપણા વાઈબ્રન્ટ ગુજરાતનો છેલ્લા એક વર્ષમાં શૈક્ષણિક સ્તરમાં વધારો થવાને બદલે ઘટાડો થયો છે જે આપણા સૌને માટે ચિંતા પ્રેરે તેવી બાબત છે. સેન્ટ્રલ ગવર્મેન્ટના શિક્ષણ મંત્રાલય દ્વારા ભારત દેશના 784 જિલ્લાઓ માટે જાહેર કરાયેલા પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સ રિપોર્ટમાં દેશના ટોપ 116 જિલ્લાઓમાં ગુજરાતના એક પણ જિલ્લાને સ્થાન મળ્યું નથી. ગુજરાત રાજ્યનો એક પણ જિલ્લો 600 માર્ક્સના આંકડાકીય મૂલ્યાંકનમાં 70% થી વધુ એટલે કે 420 ગુણથી વધુ માર્ક્સ મેળવીને શ્રેષ્ઠ કે ઉત્તમ જેવી કેટેગરીમાં સ્થાન મેળવી શક્યો નથી. રાજ્યની યુનિવર્સીટીઓના વાઈસ ચાન્સેલરશ્રીઓ અને જિલ્લા શિક્ષણાધિકારીઓ સાથે મળીને આપણા ગુજરાત રાજ્યના શિક્ષણમાં અન્ય રાજ્યોની તુલનામાં ક્યાં ક્યાં ખામીઓ રહેલી છે તે શોધી કાઢીને એ કેવી રીતે દૂર થઈ શકે એના પર ચિંતન કરવાની તાત્કાલિક આવશ્યકતા છે. છેલ્લા એક વર્ષમાં ગુજરાત રાજ્યનું શિક્ષણનું સ્તર નીચું જાય તે અંગે તાત્કાલિક હકારાત્મક પગલાંઓ લેવા જોઈએ. આ સર્વેમાં લર્નિંગ આઉટકમ, વર્ગખંડ વ્યવહાર અને અધ્યાપનની ગુણવત્તા, ડિજિટલ લર્નિંગ, વહીવટી પ્રક્રિયાઓ વગેરે માપદંડોને આધારે સર્વેક્ષણ કરવામાં આવે છે. ગુજરાત રાજ્યના 33 જિલ્લાઓમાં પ્રથમ ક્રમે આવેલા મહિસાગર જિલ્લાને 600 માંથી 340 માર્ક્સ અને છેલ્લા ક્રમે આવેલા દાહોદ જિલ્લાને 294 માર્ક્સ મળેલા છે. ગુજરાતના શિક્ષણમાં જે પણ ખામીઓ છે તે સત્વરે દૂર થાય તેવા પ્રયત્નો થાય એ જરૂરી છે.

**નવસારી- ડૉ. જે. એમ. નાયક**

### હું સુરતી છું, તમે ?

સુરત એટલે કવિ નર્મદનું શહેર, સુરત એટલે જ્યોતિન્દ્ર દવેનું હસતું રમતું શહેર. સુરતની વસ્તી માંડ આઠ લાખ હતી. સુરત એક નાનું સમૃદ્ધ નગર. સુરતમાં મુખ્ય ચાર જ્ઞાતિઓ વસવાટ કરતી હતી જેમાં કનબી, ખત્રી, ઘાંચી અને ગોલા. સુરતનો 90 ના દાયકાથી વિકાસ થવા લાગ્યો. પરિણામે સુરતીઓ કોટ વિસ્તારની બહાર વસવાટ કરવા લાગ્યા. ધીમે ધીમે સુરતની વસ્તીમાં વધારો થવા લાગ્યો. આજે સુરતની વસ્તી 80-85 લાખની આજુબાજુ થઈ ગઈ છે. આજે સુરતીઓ સુરતમાં લઘુમતીમાં છે. આજે પરપ્રાંતીય અને દક્ષિણ ગુજરાતની બહારના લોકોની વસ્તીથી આ ફાટફાટ થતા સુરતમાં અસલ સુરતીઓ લઘુમતીમાં આવી ગયા છે. કોઈપણ નાનકડા નગરને વિરાટ મહાનગર બનવાની આ કિંમત ચૂકવવી પડતી હશે. તેમાં સુરત અપવાદ ન બની શકે, પણ સુરતમાં સુરતીઓ ની ઓળખ ધીમે ધીમે ઓછી થવા લાગી છે. આપને જ્યારે ગુજરાત બહાર જઈએ ત્યારે કોઈ ગુજરાતી મળી જાય ત્યારે તેઓને પૂછતા કે તમે ગુજરાતી છો? તે રીતે ગુજરાતના કોઈ શહેરમાં કોઈ સુરતનો વ્યક્તિ મળી જાય તો તેઓને આપને પૂછતા કે તમે સુરતના છો? તમે સુરતી છો? આજે સુરતમાં કોટ વિસ્તાર બહાર કોઈ વ્યક્તિ આપને મળી જાય તો આપને તેઓને પૂછીએ કે તમે સુરતી છો? આજે કોટ વિસ્તાર બહાર અસલ સુરતની ઓળખ સીટી તરીકે થાય છે. પણ અસલ સુરતીને હું સુરતી છું એવી ઓળખ આપવી પડે છે.

**સુરત - કિરીટ મેઘાવાલા**

### POK માં, તેમના જ લોકો પર ગોળીઓ ચલાવવામાં આવી!

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) ફરી એકવાર હિંસક વિરોધ પ્રદર્શનો અને સરકારી દમનને કારણે હેડલાઈન્સમાં છે. રાવલકોટ સહિત અનેક વિસ્તારોમાં લાંબા સમયથી ચાલી રહેલા સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો હવે વધુ તીવ્ર બન્યા છે. પ્રદર્શનકારીઓ અને પાકિસ્તાની સુરક્ષા દળો વચ્ચેની અથડામણમાં મોટી સંખ્યામાં લોકોના મોત અને ઘાયલ થયાના અહેવાલોએ પ્રદેશની પરિસ્થિતિને અત્યંત ચિંતાજનક બનાવી દીધી છે. તાજેતરના અહેવાલોમાં જાનહાનિની સંખ્યા અંગે વિવિધ અહેવાલો આવ્યા છે, પરંતુ એ સ્પષ્ટ છે કે સુરક્ષા દળોની કાર્યવાહીથી જાનમાલનું નોંધપાત્ર નુકસાન થયું છે. સૌથી ગંભીર વાત એ છે કે, પાકિસ્તાન લાંબા સમયથી 'આઝાદ કાશ્મીર' તરીકે વિશ્વ સમક્ષ રજૂ કરેલા પ્રદેશના લોકોના અવાજોને દબાવવા માટે હવે બળનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ પરિસ્થિતિ પાકિસ્તાનના પીઓકે એક લોકશાહી અને સ્વાયત્ત પ્રદેશ હોવાના દાવા પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.' રાવલકોટ અને અન્ય વિસ્તારોમાં પ્રદર્શનકારીઓ ફક્ત રાજકીય માંગણીઓ સુધી મર્યાદિત નથી. લાંબા સમયથી, આર્થિક મુશ્કેલીઓ, વીજળી, રાજકીય પ્રતિનિધિત્વ અને વહીવટી અધિકારો અંગે સ્થાનિક મુદ્દાઓ ઉઠાવવામાં આવી રહ્યા છે.પાકિસ્તાનના કબજા હેઠળના પ્રદેશને બાદમાં વહીવટી રીતે અલગ ભાગોમાં વિભાજિત કરવામાં આવ્યો. ભારતે સતત કહ્યું છે કે પાકિસ્તાન દ્વારા કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરના વિસ્તારો ભારતનો અભિન્ન ભાગ છે.

**સુરત - કાંતિલાલ માંડોત**

### ખેલો ઈન્ડિયા શિક્ષણમાં રમતગમતનું મહત્વ

મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે બાળકના મન શરીર અને આત્મામાં રહેલા ઉત્તમ અંશોને બહાર લાવનાર ઘટક એટલે શિક્ષણ તથા ડેલોર્સ પંચે કહ્યું છે કે ભારતનું ભાવિ વર્ગખંડમાં ઘડાઈ રહ્યું છે. બાળકના સર્વાંગીણ વિકાસમાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય અત્યંત મહત્વનો ભાગ ભજવે છે ભારત સરકારની ખેલો ઈન્ડિયા અને રાજ્ય સરકારની ખેલ મહાકુંભ જેવી ઝુંબેશ શિક્ષણ જગતમાં રમતગમતને એક નવું સ્થાન અપાવ્યું છે રમતગમતના માધ્યમથી વિશ્વમાં વ્યક્તિએ સિદ્ધિ અને ગૌરવભર્યું સ્થાન મેળવ્યું છે. વિવિધ રમતથી બાળકમાં શારીરિક અને માનસિક ગુણોનો વિકાસ થાય છે. રમતગમત એ માત્ર શોખ કે સમય બગાડવાની પ્રવૃતિ નથી પરંતુ યોગ્ય અને તાલીમબદ્ધ આગળ વધવામાં આવે તો ઉજ્જવળ કારકિર્દીનો વિકલ્પ પણ છે. પોલીસ કે ઉચ્ચ અભ્યાસમાં નેશનલ કે રાજ્ય કક્ષાએ રમેલા ખેલાડીઓને વધારાના ગુણનો લાભ મળે છે. ખેલશે ગુજરાત તો જીતશે ગુજરાત ( ભારત) ના સૂત્રને વર્તમાન કોમનવેલ્થ ગેમ્સમાં પણ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને તથા મહિલા ક્રિકેટ ટીમ વિશ્વકપ જીતીને વિશ્વમાં દેશનો ડંકો લગાવ્યો છે. પુસ્તકમાં રચ્યાપચ્યા રહેનાર તેજસ્વી તારલાની સાથે સાથે રમતના મેદાનમાં પરસેવો પાડનાર યુવા યુવતી દેશના ભવિષ્યને સશકત બનાવી શકે છે. શાળા કૉલેજમાં રમતગમતને ફરજિયાત અને મુખ્ય વિષય સમાન મહત્વ આપીને જ સ્વસ્થ અને સશકત ભારતનું નિર્માણ કરી શકીશું.

**નવસારી - વિરલકુમાર ટંડેલ**

### પૈસો ખર્ચતી વખતે સમાજહિત પ્રથમ

જુના લેખો વાંચતા અને ચેટ જીટીપી /ગુગલ પરથી ચોક્કસાઈ કરતા જાણવા મળ્યુ કે બીજી ઓગસ્ટ 1858 એ બ્રિટન સરકારે ઈસ્ટ ઈન્ડિયા કંપની પાસેથી સત્તા/શાસન પોતાના હસ્તક કરી વાઈસ રોયની ઓફીસ બનાવી હતી. સૈકાઓ પૂરાની વાતો અત્રે એટલા માટે કરવાની કે વ્યાપાર/વાણિજ્ય, સમાજ કલ્યાણ/શાસન પર કેટલો પ્રભાવ પાડી શકે છે તે પ્રત્યે વાચક મિત્રોનું ધ્યાન દોરવું છે. ચોક્કસ કંપનીનું નામ લખવું એક કે બીજા કારણસર ટાળવું જોઈએ. આજે એ એક વિશાળ વડલા જેવી યુનિવર્સિટી બની ગઈ છે. જેમા માત્ર ઈન્જીનીયરીંગ જ નહી પરંતુ મેનેજમેન્ટ, કાયદાકીય કે ફાર્માસી જેવા અનેક વિષયો ભણાવવામાં આવે છે. વધારે પડતું થઈ જશે, પણ એ પણ કન્ફર્મ થયેલ વાસ્તવિકતા છે કે લાખ્ખો રૂપિયા રળી આપતો એડમિશન નો 'મેનેજમેન્ટ ક્વોટા' પણ અહિં નથી. સામાન્ય સાબુ હોય કે ટુથપેસ્ટ, કે પછી ચોકલેટ. પચાસ - સો રૂપિયાની ખરીદી રાષ્ટ્રીય સ્તરે કેટલો પ્રભાવ પાડે છે તે સમજાવવા આ પ્રયત્ન છે. સ્વાતંત્ર્ય દિન આવી રહ્યો છે, તો લેખ પૂરો કરતા પહેલા એટલું જ કહેવાનું કે દેશની સ્વતંત્રતા માટે અનેક લોકોના એ ત્યાગ અને બલિદાનની ગાથા ગાવા સાથે સાથે આપણે પણ જ્યારે પૈસો ખર્ચ કરીએ ત્યારે જરિક વિચાર કરીએ કે એ પસંદગી ક્યાં કરવી કે જ્યાં સમાજની હિત સંકળાયેલ હોય.

**સુરત -ચેતન જોષી**